# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

ગુજરાતી માસિકપત્ર






વર્ષ : ૪ | અંક : ૭ | ફેબ્રુઆરી - ૨૦૧૬





ડૉ. ડી. પી. ચિખલીયા


તંત્રી સ્થાનેથી....


## સુખની શોધ... અને આપણે

એકવાર એક નાની છોકરીએ કહ્યું કે “પ્રત્યેક જણ મને બહુ ચાહતું હોવાથી હું બહુ સુખી છું.” કોઈ પણ માણસ અસુખી શા માટે હોઈ શકે તે તે સમજી શકતી નહોતી. તે પ્રત્યેક જણને ચાહતી હતી તેથી પ્રત્યેક જણ તેને ચાહતું હતું. તે બહાર ખેતરોમાં જતી અને માત્ર જીવનના આનંદથી તાળીઓ પાડતી. પ્રત્યેક પક્ષી, પુષ્પ અને છોડ તેને એમ કહેતાં જણાતાં કે “સુખી થા.”

પરંતુ આપણ સર્વને આવી લાગણી શા માટે ન થવી જોઈએ ? પ્રત્યેક મનુષ્ય અને પ્રત્યેક પદાર્થ પરમાત્માનું મૂર્ત સ્વરૂપ છે અને જો આપણે નિર્દોષ અને સત્ય દ્રષ્ટિથી આપણી આસપાસના પદાર્થોનું અવલોકન કરીએ, જો આપણે આપણી ભ્રામક વિચારશૈલી અને દુરાચારી જીવનનાં ખરાબ ચશ્માંઓ દ્વારા વસ્તુઓની કાલ્પનિક ભ્રષ્ટ પ્રતિમાઓ નહિ જોતાં નિર્મળ સ્વચ્છ દ્રષ્ટિથી ખરેખરી નૈસર્ગિક વસ્તુઓ જોઈએ, તો પ્રત્યેક વસ્તુ આપણને પણ એમ જ કહેશે કે “સુખી થાઓ, સફળ થાઓ; શાંતિ પામો.” જો આપણે સંપૂર્ણ સ્વાભાવિક સ્થિતિમાં હોઈએ, તો આપણે એટલા સંતુષ્ટ અને સુખી હોવા જોઈએ કે આપણું જીવન શાશ્વત આનંદરૂપ જ થઈ રહે. જગત જ્યારે એવી ભૂમિકામાં આવશે કે જ્યાં પ્રત્યેક જણ સત્યને જોઈ અને અનુભવી શકશે, ત્યારે બિલકુલ દુ:ખદરિદ્ર અને રંકતા રહેશે નહિ.

દેશમાં હમેશાં બહુ લોભી, કંજુસ અને સ્વાર્થી માણસો દેખાય છે, એ દેશની અસ્વાભાવિક દુર્દશા દર્શાવે છે. એ સ્થિતિ પરમાત્માની સમગ્ર રચના અને સૌદર્યથી વિરુદ્ધ છે. પ્રભુની રચનામાં આવા ભેદને સ્થાન જ નથી. આવા માણસો અને પુષ્પો-



જંગલો તથા પક્ષીઓમાંથી પ્રસરતી સુંદરતા અને સુમધુરતા વચ્ચે કેટલો ફરક છે !

જે માણસોનું અંત:કરણ પવિત્ર હોય છે, તેઓ જ માત્ર પરમાત્મા અને સદ્ વસ્તુનું દર્શન કરી શકે છે. જે ચક્ષુ વસ્તુઓને તેમની સ્વાભાવિક દશામાં જોઈ શકે તેમ છે, તેની ઉપર પ્રત્યેક પાપી અને પ્રત્યેક ખોટા વિચારથી તથા પ્રત્યેક દુરાચારથી એક વધુ આવરણ ચઢે છે; અને તેથી આપણે તો યોગ્ય વિચાર અને પવિત્ર જીવનથી એ ચઢેલાં આવરણો અવશ્ય દૂર કરવાં જોઈએ. જો આપણે એમ કરીશું તો જ આપણે પ્રત્યેક વસ્તુને અને મનુષ્યને તેના સ્વાભાવિક સ્વરૂપમાં અને દશામાં જોઈ શકીશું.

હકીકત આવી છતાં ઘણા ખરા માણસો માત્ર પોતાનો જ દુનિયાઈ સ્વાર્થ સાધવા પ્રયત્ન કરી આ આવરણો વધારતા જ જાય છે, તેથી અંતે તેમનાં આધ્યાત્મિક ચક્ષુઓ સંપૂર્ણ બંધ થઈ જાય છે, તેમની દર્શનશક્તિ સર્વથા એટલી બધી વિકારી બની જાય છે કે તેઓ સ્થુલ, ભૌતિક વસ્તુઓ સિવાય કાંઈ પણ જોઈ શકતાં નથી. સ્વાર્થ, લોભ અને અપ્રમાણિકતારૂપી ચશ્માંઓ દ્વારા તેમને પ્રત્યેક વસ્તુઓ શ્યામ અને ભ્રષ્ટ દેખાય છે.

તમે હંમેશાં ગંભીર અને અરુચિકર મુખ અને રીતભાત રાખવાથી કેટલા બધા મિત્રો અને આશ્રયદાતાઓ ગુમાવો છો તેની તમને કદી પણ પ્રતીતિ થઈ છે? યાદ રાખજો કે, પ્રત્યેક જણ અંધકારમાંથી પ્રકાશમાં અને શીતળતામાંથી ઉષ્ણતામાં આવવાનો પ્રયત્ન કરે છે. તેઓ અશાંતિમાંથી નીકળી શાંતિમાં આવવાનો ઉદ્યોગ કરે છે.

જે જગતમાં આપણે વસીએ છીએ તેને આપણે જ બનાવીએ (પાના -૩ ઉપર)

# દિપ પ્રાગટ્ય અને શપથવિધિ તેમજ મુલ્યનિષ્ઠ મહાનુભાવોનો સન્માન સમારોહ




TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૪  અંક : ૬  જાન્યુઆરી- ૨૦૧૬

**મુદ્રક • માલિક • પ્રકાશક**

ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**

ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**

ડૉ. પરાગ પટેલ  ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ  ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી.સાંગાણી
ડૉ. બ્રિજેશ જસાણી

**સંપાદક મંડળ**

અમૃત પોંકીયા  ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે  ઉમેદ ગામી

**પ્રિન્ટર**

પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮


‘ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ’ માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.


**સરનામું**

ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com






મહાનુભાવોનું સ્વાગત તથા કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય

પોરબંદર, અમદાવાદ અને સીઆઇડી ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવી ચુકેલા બી.ઇ.મીકેનીકલ થયેલ ૨૦૦૬ બેચના આઇ.પી.એસ. જાબાંજ અને ખમીરવંતા અધિકારી **શ્રી નિલેશ જાજડીયા**ની જૂનાગઢના એસ.પી. તરીકે નિમણુક થતા તેમને તલવાર તથા મોમેન્ટ આપી ડૉ. ડી. પી. ચિખલીયા સાહેબે સન્માનતી કર્યા હતા.





ભારતીય સંગીત નાટય અકાદમી તરફથી રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ પ્રાપ્ત કરી સન્માન મેળવનાર લોક સાહિત્યના ભામાશા, રવિશંકર મહારાજ એવોર્ડ, ગૌરવ પુરસ્કાર, કવિ કાગ એવોર્ડ જેવા અનેક એવોર્ડથી પુરસ્કૃત તેમજ પદ્મશ્રી એવોર્ડ ઘોષિત એવા **શ્રી ભિખુદાનભાઇ ગઢવી**ને જૂનાગઢની ગરિમા વધારવા બદલ શ્રી ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન દ્વારા તેમનું સન્માન મોમેન્ટ તથા શાલ ઓઢાડીને કરવામાં આવ્યુ હતું.





ઉપસ્થિત આમંત્રિત મહેમાનશ્રીઓ તેમજ મહાનુભાવોના પ્રવચનો






શ્રી ભીખુદાનભાઈ ગઢવી પરીવારનું સન્માન




ડૉ. મહેશ જે. વારા તથા શ્રી ઉમેદભાઈ ગામીનું સન્માન

(તંત્રી લેખ-પહેલા પાનાનું ચાલુ)છીએ અને આપણી પરિસ્થિતિ પણ આપણે પોતે જ ઉપજાવીએ છીએ. ઘણા માણસો પોતાનાં જ બનાવેલાં કેદખાનાંઓમાં વસે છે અને પછી નાહક અંધકાર અને ઉદાસીની ફરિયાદ કરે છે. સર્વત્ર અંધકાર, નિરાશા, આપત્તિ અને અધોગતિ જોનારાં સ્ત્રીપુરુષો પ્રત્યેક વસ્તુમાં ઉત્તમતા જોનારાં મનુષ્યો આગળ કંઈ હિસાબમાં નથી. ઈશ્વરની સૃષ્ટિને તેના સમસ્ત સૌંદર્ય, તેના સમસ્ત પ્રકાશ અને તેની સમસ્ત આશા સહિત જોનાર લોકોએ અને નહિ કે પ્રત્યેક સ્થળે કુરૂપતા અને વ્યંગ જોનાર લોકોએ દુનિયાને તેની જંગલી દશામાંથી ઉન્નત કરીને હાલની સ્થિતિમાં આણી છે. શાંતિ અને આશા પ્રસારનાર આ આનંદી લોકો જ હજારો ગંભીર લોકો કરતાં જગતના બોજા વિશેષ ઉંચકે છે.

આપણે જે ગુણોનો વિકાસ કરીએ છીએ તે જ ગુણો છેવટે આપણા સ્વભાવરૂપ બની રહીને આપણા વિચાર ઉપર અધિકાર ભોગવે છે, આપણા શરીર ઉપર પ્રદર્શિત થાય છે અને આપણા જીવન ઉપર શાસન ચલાવે છે. આપણને પ્રતીત થાય છે કે, આપણે જે જગતમાં વસીએ છીએ તે આપણામાંથી જ પ્રકટ થાય છે. જગત આપણા પોતાના જ અવાજો અને વિચારોના પ્રતિધ્વનિઓ આપણી તરફ પાછા ફેંકે છે. જો આપણે શોકાકુલ અને ઉદાસ હોઈએ તો તે પણ આપણા તરફ નિરાશા અને અનુત્સાહ ફેંકશે; અને જો આપણે તેની તરફ આનંદી વદન અને ઉલ્લાસમય સંતુષ્ટ હૃદયસહિત જોઈશું તો તે પણ આપણને તેના બદલામાં તે જ વસ્તુઓ આપાશે.

એક માણસ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને આનંદ પ્રાપ્ત થાય છે, પ્રત્યેક વસ્તુ તેને હર્ષ અને સુખ આપતી જણાય છે, તેને પ્રત્યેક મનુષ્ય માયાળુ અને અનુકૂળ જણાય છે. પ્રત્યેક મનુષ્ય તેને સહાય કરવાને, તેનું હિત કરવાને અને તેના પ્રત્યે વિનય દર્શાવવાને ખુશી હોય છે; અને બીજો જે માણસ પ્રત્યેક વસ્તુથી ખિન્ન થાય છે, પ્રત્યેક વસ્તુ વિષે ફરિયાદ કરે છે અને પ્રત્યેક વસ્તુમાં છિદ્ર જુએ છે; તે આનંદિત થવાનું કાંઈ કારણ જોતો નથી; અને જગતને સખ્ત, ભયંકર તથા અરુચિકર સ્થાન માને છે — અને તેને તેવું જ મળે છે.

સમગ્ર જગત એ માત્ર ‘‘વ્હીસ્પરીંગ ગૅલરી’’ છે, પ્રતિધ્વનિ કરનાર મંદિર છે, જે માત્ર આપણી જ ફરિયાદો અને પ્રશંસાઓનો પ્રતિધ્વનિ પાછો ફેંકે છે. તે દર્પણ જેવું હોવાથી આપણા પોતાના વદનનું પ્રતિબિંબ દર્શાવે છે



નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓનો લેમ્પ લાઈટીંગ ઓથ સેરેમની



નર્સિંગ કોલેજની બાળાઓ દ્વારા રજુ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ

કાર્યક્રમના અંતમાં શ્રી ભિખુદાનભાઇ ગઢવીએ પોતાની આગવી શૈલીમાં લોકસાહિત્યને રજુ કરીને શ્રોતાઓને આનંદિત કર્યા હતાં.





ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**


**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com


Book-Post

To, ______________________

______________________

______________________

______________________


Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2018
RNI Regi.No. : GUJGUJ/2012/46125



જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

**મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ**



**ઓકઝીલરી નર્સ મીડવાઈફ (ANM)**

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ

એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫

મો.૯૯૭૪૬ ૫૪૦૧૭